DATE :- 08-10-2025

SANDESH, PAGE-08, SURAT

### પ્રતિ ચો.મી. ૨.૫૦ના વાર્ષિક ભાડાથી જગ્યા માટે દરખાસ્ત

# મેટ્રો સ્ટેશન અને ઈલેક્ટ્રિક સબ સ્ટેશન બનાવવા માટે જગ્યા લીઝ પર અપાશે

। સુરત ।

કોરિડોર-૧ પર મેટ્રો સ્ટેશનના ઈલેક્ટ્રિક સબ સ્ટેશન માટે ફાઈનલ માટે ફાઈનલ ટીપી સ્કીમ નંબર-૧૬ (કાપોદ્રા) ફાઈનલ પ્લોટ નંબર ૫૧ (સ્કૂલ) પૈકી અંદાજિત ૧૩૮૪ મીટર અને ૫૨ (ઈલેક્ટ્રિક સબ સ્ટેશન) પૈકી અંદાજિત ૧૪૭૮ ચો.મી.વાળી જગ્યા મેટ્રો પ્રોજેક્ટ માટે જરૂરી હોવાથી પાલિકા સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ રીતે કાપોદ્રા મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ ગેટ એન્સિલરી બિલ્ડિંગ માટે ફાઈનલ ટીપી ૧૬ (કાપોદ્રા) ફાઈનલ પ્લોટ ૫૧ પૈકી ૬૫૪ ચો.મી. અને ૨૦૫ ચો.મી. મળી ૮૫૯ ચો.મી. વાળી જગ્યા માટે પણ મેટ્રોએ રજૂઆત કરી હતી. આ તમામ જગ્યાઓ માટે વર્ષ ૨૦૧૧ની જંત્રીના ભાવે અને ૨-૫૦ પ્રતિ ચો.મી. લેખે વાર્ષિક ભાડું તથા ટેક્સ સહિત ૯૯ વર્ષ માટે લીઝ પર આપવા તેમજ ભાડું વસૂલવા તથા જમીનની શરતો નક્કી કરવા સહિતના મુદ્દે નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીમાં નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે અગાઉ પાલિકા દ્વારા વર્ષ ૨૦૧૧ના જૂના જંત્રી દરે જગ્યા માટેની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. જોકે હવે સૂચના બાદ તેને રદબાતલ કરી ૨૦૧૧ના પ્રવર્તમાન જંત્રી દરે તમામ નિર્ણયો લેવામાં આવશે.